# સાબરકાંઠામાં ભાજપ-કોંગ્રેસનો સોશિયલ મિડિયા પર પ્રચારનો ધમધમાટ

## પરંપરાગત પ્રચાર ઉપરાંત સાયબર પ્રચાર સંગનો પ્રારંભ

ચૂંટણી જંગમાં હાઈટેક અને ટેક્નોલોજીનો ભરપૂર ઉપયોગ ઉમેદવારો કરી રહ્યા છે. પરંપરાગત પ્રચાર સાથે સોશ્યલ મિડિયા પ્રચાર પણ હવે મતદારોને રીઝવવા માટે ખુબ મહત્વનો સાબિત થઈ રહ્યો છે. થોડા વર્ષો અગાઉ ચૂંટણી આવે અને ઉમેદવારો જાહેર થઈ જાય પછી મતદાનના દિવસો સુધી મુખ્ય રાષ્ટ્રીય પક્ષના ઉમેદવારો અને કાર્યકરો દિવસ-રાત પ્રચાર કરતા હતા. હવે જમાનો બદલાતા સ્માર્ટફોન હાવી થતા રાજકીય પક્ષો અને ઉમેદવારો



સોશ્યલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરી મતદારો સુધી પહોંચવા સાયબર પ્રચાર કરી રહ્યા છે. સાબરકાંઠા લોકસભા બેઠક પર હાઈટેકના પ્રચારનો મારો ચાલી રહ્યો છે.

સાબરકાંઠા લોકસભા બેઠક પર સોશ્યલ મીડિયાના પ્રચાર-પ્રસારમાં સ્તર નીચે ઉતારતા અને ઉમેદવારોના સમર્થકો દ્વારા પ્રતિસ્પર્ધી ઉમેદવારો અને રાજકીય પક્ષ માટે અસભ્ય ભાષાનો શબ્દ પ્રયોગ ગમે ત્યારે ડખો સર્જે તો નવાઈ નહિ..? સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા સોસ્યલ મીડિયામાં વિવાદિત પોસ્ટ કરનાર સામે સાયબર ક્રાઈમ હેઠળ શખ્ત કાર્યવાહી કરવી જોઈએ તેવું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. સોશ્યલ મીડિયા પર થતા પ્રચાર-પ્રસાર માટે વહીવટીતંત્રએ અલગથી જીલ્લામાં સાયબર ટીમ ઉભી કરી દેખરેખ રાખવી ખુબ જરૂરી બન્યું છે.

લોકસભા-૨૦૧૪ ની ચૂંટણીમાં ભાજપનો સોશ્યલ મીડિયામાં કરેલો ઝંઝાવાતી પ્રચારે પણ દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપને ગાદી પર બેસાડવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. લોકસભા-૨૦૧૯માં ભાજપ અને કોંગ્રેસે અને અન્ય પક્ષોએ સોશ્યલ મીડિયાના માધ્યમથી જોરદાર પ્રચાર પ્રસારનો પ્રારંભ કર્યો છે. સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ-કોંગ્રેસ અને હિન્દુસ્તાન નિર્માણ દળના ઉમેદવાર અને ટેકરદારોએ સોશ્યલ મીડિયા જંગમાં જંપલાવ્યું છે. ભાજપ-કોંગ્રેસના સોશ્યલ મીડિયાની ટિમો તો ૨૪ કલાક મંડ્યા રહે છે.

સાબરકાંઠામાં ભાજપ-કોંગ્રેસ મતદારો સુધી પહોંચવા ફેશબુક, વોટ્સએપ્પ, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ દ્વારા પ્રચાર પ્રસાર કરી રહ્યા છે. સોશ્યલ મીડિયામાં થતી પોસ્ટમાં બંને રાજકીય પક્ષો એકબીજાની ઉપ્લબધિઓ અને નિષ્ફળતાની આક્ષેપ બાજી કરવાની સાથે બંને પક્ષના ઉમેદવારોએ લોકો વચ્ચે પહોંચી કરેલા પ્રચારના એક-એક મિનિટના ફોટા અપલોડ કરી બંને ઉમેદવારોને મતદારોનું પ્રચંડ સમર્થન અને આવકાર મળી રહ્યો હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. કેટલાક ઉત્સાહી કાર્યકરો ઉમેદવારો વિષે ભ્રામક પ્રચાર કરતા હોવાથી અને નિમ્ન ભાષાનો શબ્દ પ્રયોગનો મોટા પ્રમાણમાં સહારો લેતા ગમે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના શાંતિપૂર્ણ માહોલમાં વમળો સર્જી શકે છે ઉમેદવારોએ તેમના સોશ્યલ મીડિયાના સમર્થકો અને પ્રચારકોને પ્રચાર માટે નિમ્નસ્તર સુધી ઉતરવું નહીંની સૂચના અપાવી જોઈએ તેવું જાગૃત નાગરિકો ઈચ્છી રહ્યા છે.

# મોડાસાના મોટા કાજીવાડામાં જુગારધામનો પર્દાફાશ

મોડાસા, તા. ૭

મોડાસા ટાઉન પોલીસની નજર સમક્ષ મોડાસાના મોટા કાજીવાડા વિસ્તારમાં શનિવારની મધ્યરાત્રીએ ગાંધીનગર આર.આર.સેલની ટીમે રહેણાંક મકાનમાં ત્રાટકી ગંજીપાનો જુગાર રમતા ૯ જુગારીઓને દબોચી લઈ હવાલતના સળિયા પાછળ ધકેલી દઈ રોકડ રકમ, મોબાઈલ સહીત રૂ.૧૬૯૪૫ મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના લઘુમતી વિસ્તારના રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામ પર ગાંધીનગર આર.આર.સેલના દરોડા બાદ સ્થાનિક પોલીસના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. મોડાસા ટાઉન પોલીસ ખરેખર જુગારધામથી અજાણ હતી કે જાણી જોઈને આંખ આડે કાન કરાતા હતા તે તપાસનો વિષય છે.

સ્થાનિક પોલીસતંત્રના નાક



નીચે ચાલતા આ કારોબારનો આર.આર.સેલની ટીમે અડધી રાત્રે પર્દાફાશ કરતાં શહેરભરમાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે પોલીસે ઝડપાયેલા તમામ ૯ નબીરા વિરુદ્ધ જુગારધારા અંતર્ગત ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગર આર.આર.સેલની ટીમે બાતમીના આધારે મોડાસાના મોટા કાજીવાડા વિસ્તારમાં મોહમ્મદ જાવેદ ગુલામનબી મલેક તેના રહેણાંક મકાનના બીજા માળે ચાલતા જુગારધામ પર રાત્રીના ૧૨ વાગ્યાના સુમારે ત્રાટકી મોહમ્મદ જાવેદ ગુલામનબી મલેક, ઈમરાન મહમ્મદ રફીક મહમ્મદ મલેક, મહમ્મદ ઈદ્રીશ ઉસ્માનમીયા મલેક, મહમ્મદ ઈરફાન ગુલામનબી શેખ, મહમ્મદ ઈકબાલ મસાકભાઈ શેખ, આફતાબ હુસેન ફકીર મહમ્મદ શેખ, અઝરૂદ્દીન મહમ્મદ હનીફ શેખ, મોં. ફારૂક મહમ્મદમિયાં મલેક અને તાહિરહુસેન મહેમુદભાઈ માંઝી (તમામ રહે, મોડાસા)ને હારજીતના પાનાનો જુગાર રમતા રંગે હાથે ઝડપી પાડી દાવ પર લાગેલા રૂ.૨૭૪૦ , જુગારીઓ પાસેથી મળેલ રોકડ રકમ રૂ.૭૭૦૫, મોબાઈલ નંગ-૧૦ કીં. રૂ.૬૫૦૦ મળી કુલ રૂ.૧૬૯૪૫નો મુદ્દામાલ જપ્ત કરી આર.આર.સેલે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ મોડાસા ટાઉન પોલીસને સોંપી હતી.





## મેઘરજના પાલ્લા ગામે વીજતંત્રની બેદરકારીનો ભોગ બનતો ગરીબ પરિવાર

અરવલ્લી જીલ્લામાં વીજતંત્રની બેદરકારીનો ભોગ ખેડૂતો અને ગરીબ પરિવારો બનતા લોકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. લચકાતા વીજતારમાંથી તણખા ઝરતા સતત હોનારત સર્જાઈ રહી છે. મેઘરજના પાલ્લા ગામના ગરીબ પરિવારના ઘર પરથી પસાર થતા વીજતારમાંથી તણખા ઝરતા ઘર નજીક પશુઓ માટે ભરી રાખેલ ઘાસચારામાં આગ લાગતા ઘર પણ આગની લપેટમાં લપેટાયું હતું. સ્થાનિક લોકો દોડી આવી ઘર નજીક બાંધેલા ૬ પશુઓને બચાવી લઈ આગ પર કાબુ મેળવ્યો હતો. રવિવારે બપોરના સુમારે મેઘરજ તાલુકાના પાલ્લા ગામના બાબુભાઈ નાથાભાઈના મકાન પરથી પસાર થતા વીજતાર મુસીબત બની આફત સર્જી હતી. મકાન ઉપરથી પસાર થતા વીજતારમાંથી એકાએક તણખા ઝરતા અને ઘર નજીક પશુઓ માટે રાખેલા સૂકા ઘાસચારામાં તણખા પડતાની સાથે સૂકો ઘાસચારો ભડાકા સાથે સળગી ઉઠી ઘરને પણ લપેટમાં લેતા ભારે અફડાતફડી મચી હતી. મકાનમાં આગ લાગતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને જીવના જોખમે ઘર નજીક બાંધેલા ૬ પશુઓને બચાવી લઈ આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગની ઘટનાના પગલે ૧ લાખ રૂપિયાથી વધુ ગરીબ પરિવારને નુકશાન જતા માથે આભ તૂટી પડ્યું હતું. આગની ઘટનાની જાણ થતા ગામના તલાટી તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પંચનામાની કાર્યવાહી હાથ ધરી હતી.



## વડગામના મોરિયા પ્રાથમિક શાળામાં નિવૃત્ત થતાં શિક્ષકનો ભાવદર્શન કાર્યક્રમ

વડગામ તાલુકાના મોરિયા ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં છેલ્લા કેટલાય સમયથી શિક્ષક તરીકેની ફરજ બજાવતા જસવંતસિંહ અગરસિંહ રાઠોડ વય નિવૃત્ત થતા તેમનો ભાવદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નિવૃત્ત જિલ્લા પ્રા.જી.શિક્ષણ અધિકારી બનાસકાંઠા એચ.એલ. રાવતની અધ્યક્ષતા અને મુખ્ય મહેમાન બી.આર.સી. વડગામ મહેન્દ્રસિંહ જે. બારડ અને પીતાંબરભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે આ કાર્યક્રમમાં જસવંતસિંહનું વડગામ તાલુકા શી.સઘના પ્રમુખ કનકસિંહ જે. બારડ તથા મહામંત્રી ભીખાભાઈ પુરબિયા, પ્રચાર મંત્રી ગુ.રા.પ્રા.શી. સંઘ ગીરીશભાઈ પટેલ દ્વારા તેમનું ભાવભર્યું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું અને આ સમગ્ર કાર્યક્રમની આભારવિધિ નટવરસિંહ કે. ચાવડાએ કરી હતી.

# પ્રાંતિજમાં ચેટીચંડ પર્વ ઉલ્લાસ સાથે ઉજવણી કરાઈ

પ્રાંતિજ તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વસવાટ કરતાં સિંધી સમાજના ભાઈ -બહેનો દ્વારા પવિત્ર ચેટી ચાંદ પર્વની શ્રધ્ધા અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ તથા તાલુકામાં રહેતા સિંધી સમાજનાં ભાઈ બહેનો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ પ્રાંતિજ ખાતે બેન્ડવાજા સાથે બગી માં ભગવાન ઝુલેલાલ ની શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં પ્રાંતિજ લાલ દરવાજા ખાતે રહેતાં કમલેશભાઈ બાલાની ના ઘરેથી શોભાયાત્રા નિકળી બજારચોક , ગુજરની પોળ , દેસાઈની પોળ થઈ ને પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે આવેલ ભગવાન ઝુલેલાલ ની પરબ ખાતે શોભાયાત્રા પહોચી હતી અને ત્યાંથી નાની ભોગળ થઈ ને શ્રી માકડેશ્વર મહાદેવ મંદિર ખાતે શોભાયાત્રા પહોચ્યો હતી તો વરઘોડામાં ભગવાન શંકરભગવાન તથા હનુમાનજી આબો હુ પ્રતિક જોવા મલ્યા હતાં તો સિંધી સમાજના ભાઈ બહેનો દ્વારા ગરબા પૂંજા અને પ્રસાદ નો લાભ લઈને ધન્યતા અનુભવી હતી આ પ્રસંગે સિંધી સમાજના પ્રમુખ ધરમદાસ ટેકવાણી, રતિલાલટેકવાણી, જગદીશભાઈ કિમતાણી, જમનાદાસભાઈ વકીલ, રાજેશભાઈ ટેકવાણી, મનુભાઈ રામચંદાણી, અમિતભાઈ, હરેશભાઈ વગેરે સમાજના આગેવાનો સહિત ભાઈ બહેનો મોટી સંખ્યામાં જોડાયાં હતાં.



વડગામ તાલુકાના એક જીવદયાપ્રેમીએ કાળઝાળ ગરમીમાં પક્ષીઓની ચિંતા કરીને ગામમાં પાણીના કુંડા તેમજ ચકલી ઘરનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જલોતરામાં રહેતા ધિરજકુમાર ગંગારામ પ્રજાપતિ ગામમાં (સોમનાથ મોબાઈલ) એસેસરીજની દુકાન ધરાવે છે.

# દિલીપ ઠાકોરના વિવાદાસ્પદ નિવેદન મુદ્દે ચૂંટણી તંત્ર રિપોર્ટ તૈયાર કરશે

પાટણ ખાતે ભાજપના કેબિનેટ મંત્રી દિલીપ ઠાકોરે કરેલા વિવાસ્પદ નિવેદન બદલ ચૂંટણી વિભાગની કાર્યવાહીમાં અટવાઈ શકે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે ત્યારે હાલમાં તેમના નિવેદન મામલે ચૂંટણી વિભાગ દ્વારા રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે અને જો નિવેદન આચારસહિંતા ભંગ કરતું હશે તો ચૂંટણી વિભાગ દ્વારા ફરિયાદ નોંધવામાં આવશે . પાટણ ખાતે ૩ એપ્રિલના રોજ લોકસભા ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભીની ફોર્મ ભરવા પૂર્વ યોજાયેલ સભામાં કેબિનેટ મંત્રી દિલીપ ઠાકોર દ્વારા જાહેર મંચ પરથી સર્જીકલ સ્ટ્રાઈકના સબૂત માગતા કોંગ્રેસના આગેવાનોને બૉમ્બ સાથે બાંધીને ફેંકી દો તેવું વિવાસ્પદ નિવેદન કર્યુ હતું અને જેને લઈ સમગ્ર કોંગ્રેસ પક્ષમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડતા ચર્ચાનો વિષય બન્યો હતો ,ત્યારે કેબિનેટ મંત્રીના નિવેદન મામલે આંતરરાજ્ય કક્ષાએથી પાટણ ઓબ્ઝર્વર ટીમ દ્વારા ચૂંટણી વિભાગ પાસે વિવાસ્પદ નિવેદનનો વિડીયો માગ્યો હતો.



સાબરકાંઠા(અરવલ્લી) લોકસભાની ચૂંટણીને લઈ અરવલ્લી જિલ્લાના ધનસુરામાં ભાજપના કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધનસુરા તાલુકા અને અરવલ્લી જિલ્લાના કાર્યકરો અને હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના સહુ આગેવાનોએ ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડનો ફરી એકવાર સાબરકાંઠા લોકસભા સીટ પર વિજય થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# પાટણ સંસદીય મત વિસ્તારના કોઈપણ નાગરિક ફરિયાદ કે સૂચનો રજુ કરી શકશે

પાટણ, તા. ૭

ભારતના ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ના કાર્યક્રમ મુજબ ૩-પાટણ સંસદીય મતવિસ્તારમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯નું મતદાન તા. ૨૩-૪-૨૦૧૯ ના રોજ યોજાનાર છે તથા તા. ૨૩-૫-૨૦૧૯ના રોજ મત ગણતરી હાથ ધરવામાં આવનાર છે.

આ ચૂંટણી સંદર્ભે ભારતના ચૂંટણી પંચ દ્વારા પાટણ જિલ્લામાં જનરલ ઓબ્ઝર્વર તથા પોલીસ ઓબ્ઝર્વરની નિયુક્તી કરવામાં આવેલ છે. સમગ્ર ચૂંટણીની કામગીરી પર નિરીક્ષણની કાર્યવાહી અર્થે ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ જનરલ ઓબ્ઝર્વર અને પોલીસ ઓબ્ઝર્વર પાટણ જિલ્લામાં પધારી ચુકેલ છે. જેથી જાહેર જનતા પૈકી ચૂંટણીના સંદર્ભમાં કોઈપણ પ્રકારની રજુઆત કરવા માંગતા હોય તો તા. ૭-૪-૨૦૧૯થી તા. ૨૩-૪-૨૦૧૯ સુધી સાંજના ૧૬.૦૦ કલાકથી ૧૭.૦૦ કલાક દરમ્યાન જિલ્લાના કોઈપણ નાગરિક નવીન સર્કિટ હાઉસ, પાટણ-ચાણસ્મા હાઈવે, પાટણ ખાતે રૂબરૂ, પત્રથી કે ટેલીફોનથી ફરિયાદ કે સુચનો રજુ કરી શકશે.

૩- પાટણ સંસદીય મત વિસ્તારના જનરલ ઓબ્ઝર્વર તુકારામ હરીભાઉ મુન્ડે (આઈ.એ.એસ.) મોબાઈલ નંબર ૬૩૫૪૭૯૬૫૬૦, ટેલીફોન નંબર ૦૨૭૬૬-૨૩૨૧૩૨, ઈ-મેલ આઈ.ડી. generalobserverpatan@gmail.com છે. જિલ્લા કોન્ટેકટ સેન્ટર ફ્રી નંબર ૧૯૫૦ છે.

૩- પાટણ સંસદીય મત વિસ્તારના પોલીસ ઓબ્ઝર્વર ડૉ. માલિની અગ્રવાલ (આઈ.પી.એસ.) મોબાઈલ નંબર ૯૩૨૭૯ ૪૫૬૦૨, ટેલીફોન નંબર ૦૨૭૬૬-૨૩૨૧૩૩, ઈ-મેલ આઈ.ડી. policeobserverpatan12@gmail.com છે. જિલ્લા કોન્ટેકટ સેન્ટર ફ્રી નંબર ૧૯૫૦ છે.

# મોડાસામાં નવનિર્મિત જિલ્લા ન્યાય મંદિર બિલ્ડીંગનું ઉદ્‌ઘાટન

મોડાસા, તા. ૭

નવરચિત અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે રૂ. ૪૦.૭૫ કરોડના ખર્ચે નવનિર્મિત જિલ્લા ન્યાયભવનનું ઉદ્દઘાટન ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ અંનતદવે તથા ન્યાયમૂર્તિ પારડીવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ અંનત દવેએ કોર્ટના ઉદ્દઘાટનને સુખદ અનુભવ ગણાવતા જણાવ્યું હતું કે ન્યાયની ગુણવત્તા સર્વોત્તમ જ હોવી જોઈએ. અરવલ્લી જિલ્લાના મોટાભાગના તાલુકાઓ આર્થિક રીતે નબળા અને આદિવાસી લોકો હોવાથી ન્યાયતંત્રની જવાબદારી વધુ બની જાય છે. તેમણે સગવડોનો સદ્દપયોગ કરી સામાન્ય પ્રજાને ન્યાય, શિક્ષણ અને આરોગ્યની વ્યવસ્થા પર ખાસ ભાર અપાય તેમ જણાવ્યું હતું. તેમણે આ ન્યાય ભવનને સરકાર અને ન્યાયતંત્રના સુભગ સમન્વયનું ઉત્તમ ઉદાહરણ હોવાનું જણાવ્યું હતું, તેમણે લોકાના ઝડપી ન્યાય વ્યવસ્થા માટે લોક અદાલત ઉભી કરાઈ હોવાનું પણ તેમણે ઉમેર્યુ હતું.



પ્રાસંગિક ઉદ્દબોધન કરતા હાઈકોર્ટના ન્યામૂર્તિ પારડીવાલાએ જણાવ્યું હતું કે, ન્યાયભવનના નિર્માણમાં અંહિ શ્રમ કરેલ શ્રમિકોને યાદ કરી તેમની મહેનતનું યોગ્ય જતન થાય તે જરૂરી ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વ્યક્તિની ઓળખ તેના સંગતથી થાય છે પરંતુ રાષ્ટ્રની ઓળખ તેના ન્યાય પ્રણાલીથી થાય છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, બંધારણમાં અપાયેલા અધિકારોનું જતન કરવાનું કાર્ય ન્યાયભવને કરવાનું છે. તેમણે મહત્વના બે પરીબળની વાત કરતા ઉમેર્યુ હતું કે, લોકો કાયદાની સત્તાનો સ્વીકાર કરે અને કાયદા પ્રત્યે વિશ્વાસ અને નિષ્ઠા જળવાય રહે તે જરૂરી છે.

તેમણે સમાજમાં કાયદા પુરતા નથી પરંતુ કાયદાના મુલ્યોનું જતન થાય તો જ નવી ઉર્જા પ્રદાન થઈ શકે છે. ન્યાયિક વહિવટ એક કાર્ય છે. કાયદો અને ન્યાયી અદાલત એ એક સિક્કાની બે બાજુ ગણાવતા તેમણે ઉમેર્યુ હતું કે, કોર્ટ વિના કાયદો શક્ય નથી અને કાયદા વિના કોર્ટ શક્ય ન હોવાનું તેમણે ઉમેર્યુ હતું.

પારડીવાલાએ ન્યાયતંત્રને સેલ્ફીવાલ્વ ગણાવતા જણાવ્યું હતું કે, ન્યાયથી પિડીતનું નિવારણ થાય તે દિશામાં કામ કરવા વકિલમિત્રોને અનુરોધ કર્યો હતો. તેમણે શિષ્ટાચાર અને નૈતિક મૂલ્યોથી ન્યાયિક કાર્યમાં રચનાત્મક ફાળો આપવા ખાસ ટકોર કરી હતી. તેમણે ન્યાયિક અધિકારીઓનું અલગ મહત્વ હોવાનું જણાવતા ઉમેર્યુ હતું કે, તે સર્વોપરી સત્તાનો ઉપયોગ કરી સમાજમાં ઉદાહરણરૂપ પ્રેરણા પુરૂ પાડવાનું કાર્ય કરે છે. તેમણે પક્ષકારોનો ભરોસો ન્યાયતંત્ર પર કાયમ જળવાય રહે તેમ કાર્ય કરવા જણાવ્યું હતું.

જિલ્લા બાર એસોશિએસના પ્રમુખ હિરાભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા અને નવિન નિર્માણ થયેલ જિલ્લા કોર્ટને હાઈકોર્ટ જેટલી સારી સુવિધાઓ પુરી પાડવા બદલ આભાર વ્યકત કર્યો હતો. સાથે સાથે તેમણે ધારાશાસ્ત્રીઓની સમસ્યાઓ તેમજ ૪૫ થી ૪૭ ડીગ્રી સુધીની કાળઝાળ ગરમીના આ મહિનાઓમાં કોર્ટનો સમય સવારનો કરવા પણ નમ્રપણે રજુઆત કરી હતી. મોડાસા બાર એસોશિએશનના પ્રમુખ બી.એમ. કોઠારીએ મહેમાનોનો પરીચય આપ્યો હતો.



## મોડાસામાં ચેટીચાંદની શોભાયાત્રા, માર્ગો 'આયોલાલ ઝુલેલાલના' નાદથી ગૂંજ્યા

ભારત પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે આજના સિંધી સમાજના વડવાઓ બધુ મૂકી ભારત આવી ગયા હતા ત્યારે એક પૈસો પણ ન હતો છતાં આ સમાજના લોકો આજે ભારતમાં દૂધમાં સાકાર ભળી જાય તેમ ભળી જઈને દેશની પ્રગતિમાં દરેક ક્ષેત્રમાં આગળ છે. મોડાસામાં સિંધી સમાજ કાપડ બજાર, ફ્રૂટ બઝાર, બુટ ચપ્પલના બઝારમાંથી લઈ નાનામાં નાના ધંધા સાથે સંકળાયેલા છે. મોડાસા શહેરમાં સિંધી સમાજ દ્વારા ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા ચાર રસ્તા ખાતે સિંધી સમાજના યુવાનોએ અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને અસહ્ય ગરમીથી રાહત મળી રહે તેવા ઉમદા હેતુથી શરબતનું વિતરણ દિવસભર કર્યું હતું.